ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ- 2034/09/2023** **તા:23/09/2023**

## ભારતીય જનતા પાર્ટી ડોકટર સેલ દ્વારા 24 સપ્ટેમ્બરના રોજ રાજયના દરેક જિલ્લા-મહાનગરમાં 579 મંડળોમાં સવારે 9 થી બપોર 12 સુધી નિ:શુલ્ક મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મેડિકલ સેલના સંયોજકશ્રી ડો.ધર્મેન્દ્રભાઇ ગજ્જર એક અખબારી યાદીમાં જણાવે છે કે, હાલ રાજયમાં પ્રવર્તમાન સંજોગોમાં મિશ્ર સિઝનથી બદલાતા વાતાવરણને કારણે લોકોમાં શરદી,ઉધરસ, સહિતની બિમારીઓ જોવા મળી રહી છે આવા દર્દીઓને સ્વસ્થ્ય રાખવા માટે ભારતીય જનતા પાર્ટી ડોકટર સેલ દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના “સેવા હી સંગઠન” ના સુત્રને ચરિતાર્થ કરવા આવતીકાલ 24 સપ્ટેમ્બરના રોજ રાજયના દરેક જિલ્લા-મહાનગરમાં નિ:શુલ્ક મેગા મેડિકલ કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ મેડિકલ કેમ્પ 579 મંડળોમાં અનુભવી તબીબશ્રીઓ દ્વારા દર્દીઓનું નિદાન કરવામાં આવનાર છે. આવતીકાલ 24 સપ્ટેમ્બરના રોજ સવારે 9 થી બપોર 12 સુધી કોઇ પણ દર્દી ફ્રી નિદાનનો લાભ લઇ શકશે. ડોકટર સેલ દ્વારા આયોજીત આ મેગા મેડિકલ કેમ્પમાં ભાજપાના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિતિ રહેશે જેમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી સહિત પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી,શ્રી ગોરધનભાઇ ઝડફીયા, પ્રદેશ મહામંત્રીશ્રીઓ રજનીભાઇ પટેલ , શ્રી વિનોદભાઇ ચાવડા જુદા જુદા જિલ્લામાં ઉપસ્થિત રહેવાના છે જેની માહિતી નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| શ્રી. સી.આર.પાટીલજી | કેજલ હોસ્પિટલ,નવસારી |
| શ્રી રત્નાકરજી -<br>શ્રી વિનોદભાઇ ચાવડા | રાજકોટ |
| શ્રી ગોરધનભાઇ ઝડફીયા | કોટેચ હોસ્પિટલ, લુણાવાડા |
| શ્રી રજનીભાઇ પટેલ | શાસ્વત હોસ્પિટલ,કુડાસરણ,<br>ગાંધીનગર |

**ડૉ.યજ્ઞેશ દવે**
**(પ્રદેશ મિડિયા કન્વીનર)**